## SURAT MUNICIPAL CORPORATION

## WEST ZONE(RANDER)

## OFFER FORM

Application form at getting contract for providing the Traffic Circle / Island development by sponsorship at ___________________________________

_______________________________________________________________

1. Amount of maximum offer of the annual license fee:

| Sr. No. | Period | Amt. of Annual License fee (payable for every year) | |
|---|---|---|---|
| | | **Rupees in figure per Annum** | **Rupees in words per Annum** |
| 1 | (For first five year) | | |

2. Traffic Circle/Island sponsership contract for 5(Five) year, so bidders have to pay same annual license fee advance per year.

Date: / /2026 ___________________________________

Signature and seal of the Tenderer

**Note:** This offer form must be filled physical copy of the offer form should be submitted along with the documents.

# સુરત મહાનગરપાલિકા

# પશ્ચિમઝોન (રાંદેર)

# ટેકનીકલ બીડ

| |
|---|
| **સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટ્રાફિક સર્કલ/ આઈલેન્ડ/ ચેનેલાઈઝરને સ્પોન્સરશીપથી ડેવલપ તથા મેઈન્ટેઈન કરવા તેમજ સુશોભનને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવા માટેનું કામ.** |

| | | |
|---|---|---|
| બાનાની રકમ હાર્ડ કોપી સીલબંધ કવરમાં સ્વીકારવાની છેલ્લી તારીખ/સમય | : | તા.૨૭/૦૩/૨૦૨૬, ૧૮:૦૦ કલાક પહેલા |
| બાનાની રકમ અને અન્ય પુરાવાની હાર્ડ કોપી સીલબંધ કવરમાં મોકલવાનું સરનામું | : | કાર્યપાલક ઈજનેરશ્રી ,પશ્ચિમ ઝોન (રાંદેર)(વહીવટી ભવન)<br>બાળા સાહેબ દેવરસ રોડ,<br>ન્યુ રાંદેર રોડ, તાડવાડી, સુરત. |

# સુરત મહાનગરપાલિકા

## સ્પોન્સરશીપ હેઠળ શહેર વિસ્તારમાં આવેલ ટ્રાફિક સર્કલ/ આઈલેન્ડ/ ચેનેલાઈઝરને ડેવલપ તથા મેઈન્ટેઈન કરવા માટે સ્પોન્સરશીપના હક્કો મેળવવા માટેનું અરજી ફોર્મ

પ્રતિ,
શ્રીકાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ઝોન (રાંદેર)(વહીવટી ભવન)
બાળા સાહેબ દેવરસ રોડ,
ન્યુ રાંદેર રોડ, તાડવાડી,
સુરત.

હું/ અમો નીચે સહી કરનાર શ્રી ........................................................................
રહેવાસી, ........................................................................................................
આપને અરજ કરૂ છું કે નીચે જણાવેલ ટ્રાફિક સર્કલ/ આઈલેન્ડ/ ચેનેલાઈઝરને સ્પોન્સરશીપથી મેળવવા માંગીએ છીએ અને તે અંગે જે કાંઈ ચાર્જ થાય તે અમો ભરપાઈ કરવા રાજી છીએ અને તે અંગેની ડિપોઝીટ પણ ભરવા રાજી છીએ. જે અંગેના નીતિ નિયમો મેં/ અમોએ વાંચ્યા છે તેનું પાલન કરવા અમો બંધાઈએ છીએ.

| | | | |
|---|---|---|---|
| (૧) | સંસ્થાનું નામ | :– | |
| (૨) | સંસ્થાનું સરનામું | :– | |
| (૩) | સર્કલ/ આઈલેન્ડ/ ચેનેલાઈઝર/ રોડ ડિવાઈડરના સ્થળની વિગત | :– | (પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ વિવિધ લોકેશનોની સામેલ સુચીમાંથી સ્પોન્સરશીપ મેળવવા માટે અ.નં. સહિત લોકેશન દર્શાવવું.) |
| (૪) | સંસ્થાનો હેતુ | :– | |
| (૫) | માલિકનું નામ અને સરનામું | | |
| (૬) | મેનેજર હોય તો નામ અને સરનામું | :– | |
| (૭) | બાનાની રકમ રૂા.૧૦,૦૦૦/– | :– | ડી.ડી. નં. ..........................,  તા. ......................... |

અરજદારશ્રીની સહી (સંસ્થાનું સીલ/સિક્કો)
તા.

આર્કિટેકનું નામ, સરનામું:–
લાયસન્સ નં. :–
આર્કિટેકની સહી:–

# ‘‘પરિશિષ્ટ–અ’’

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ વિવિધ ટ્રાફિક સર્કલ/ આઈલેન્ડ/ ચેનેલાઈઝરને સ્પોન્સરશીપ હેઠળ ડેવલપ તથા મેઈન્ટેઈન કરવા તેમજ સુશોભનને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવા અંગે ઈજારો આપવાનાં કામે ટેન્ડરરે ભરવાની બાનાની રકમ, સીકયોરીટી ડિપોઝીટની વિગતઃ–

| | | | |
|---|---|---|---|
| (૧) | ઓફર સાથે ભરવાની બાનાની રકમ | : | રૂા.૧૦,૦૦૦/– |
| (૨) | સીકયોરીટી ડિપોઝીટ | : | સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર= દર ૨૫ ચો.મી. વિસ્તાર માટે રૂા.૨૫,૦૦૦/–, ૫૦ ચો.મી. વિસ્તાર માટે રૂા.૫૦,૦૦૦/–, ૫૦ ચો.મી. થી વધુ વિસ્તાર માટે રૂા.૧,૦૦,૦૦૦/– સીકયોરીટી ડીપોઝીટ લેવાની રહેશે.<br>રોડ ડીવાઈડર= દર ૧૦૦ ર.મી. લંબાઈ માટે રૂા.૫,૦૦૦/– અને દર ૨૦૦ ર.મી. લંબાઈ માટે રૂા.૧૦,૦૦૦/– અને ૫૦૦ ર.મી. લંબાઈ માટે રૂા.૨૫,૦૦૦/– સીકયોરીટી ડીપોઝીટ લેવાની રહેશે. |

# ''પરિશિષ્ટ–બ''

**સ્પોન્સરશીપથી ટ્રાફિક આઈલેન્ડ/સર્કલ/ચેનેલાઈઝરને ડેવલપ કરવા માટે પુરાવાની વિગતઃ–**

૧. સ્પોન્સરશીપથી ટ્રાફિક આઈલેન્ડ/સર્કલ/ડીવાઈડર/ચેનેલાઈઝર ડેવલપ કરવા માટેનું અરજી ફોર્મ.

૨. ઈ.એમ.ડી. પેટે રૂા.૧૦,૦૦૦/– નો ડીમાન્ડ ડ્રાફટ.

૩. ગુમાસ્તા ખાતા/વ્યવસાય ખાતામાં રજીસ્ટર્ડ હોવાના પુરાવા અથવા નોંધાયેલ ટ્રસ્ટ.

૪. માન્ય આર્કીટેકશ્રીના સહી/સિકકા સહિત કી – પ્લાન, એલીવેશન પ્લાન તથા ડીઝાઈનના ૩ડી નકશા ર થી ૩ વિકલ્પોમાં.

૫. ફુવારા માટેના કુલ એરીયાના ૫૦% વિસ્તારમાં હોર્ટીકલ્ચર અને ૫૦% વિસ્તારમાં સિવીલ વર્ક તેમજ અન્ય માટે કુલ એરીયાના ૭૫% વિસ્તારમાં હોર્ટીકલ્ચર અને ૨૫% વિસ્તારમાં સિવીલ વર્કની ગણતરી દર્શાવેલ હોવી જોઈએ.

૬. જાહેરાતના હકકો માટે કુલ ગ્રીલ એરીયાના ૫% એરીયાની ગણતરી દર્શાવેલ હોવી જોઈએ.

૭. ગ્રીલની ઉંચાઈ, ગ્રીલનો કલર, પરદી, કર્બનો કલર, લખાણ નિયમ મુજબ હોવો જોઈએ.

૮. ડેવલપ કરવા જોગ ટ્રાફિક સર્કલ/આઈલેન્ડ/ડીવાઈડર/ચેનેલાઈઝરમાં ચારે બાજુ સુરત મહાનગરપાલિકાનો 'લોગો' સાથેના ૩ડી ડ્રોઈંગ.

૯. સ્પોન્સરરનો લેખીત સંમતી પત્રક.

૧૦. ટ્રાફિક ફલો પ્લાન.

-SD-

કાર્યપાલક ઈજનેર
પશ્ચિમઝોન(રાંદેર)
સુરત મહાનગરપાલિકા

## સ્પોન્સરશીપ હેઠળ ટ્રાફિક આઈલેન્ડ/સર્કલ/ચેનેલાઈઝર મેળવવા અંગેના નીતિ નિયમઃ–

(૧) નીચે જણાવેલ કોઈપણ બાબતે ક્ષતિ જણાય તો ફાળવેલ ટ્રાફિક સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરનો કબ્જો સુરત મહાનગરપાલિકા કોઈપણ સમયે હસ્તગત કરી શકશે અને તેના ઉપરનું બાંધકામ દુર કરવાનો સુરત મહાનગરપાલિકાનો હકક અબાધિત રહેશે.

(૨) અરજદારની લાયકાત – અરજદાર સંસ્થા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા ધારા ખાતા/વ્યવસાય વેરા ખાતામાં રજીસ્ટર્ડ થયેલ હોવી જોઈએ અથવા નોંધાયેલ ટ્રસ્ટ હોવું જરૂરી છે. શહેરની નામાંકિત રજીસ્ટર્ડ સંસ્થા પણ અરજી કરી શકશે.

(૩) અરજદારને સર્કલની ફાળવણી કરવાની પધ્ધતિ – વર્તમાન પત્રોમાં અને/અથવા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર જાહેરાત પ્રસિધ્ધ કરી નિયત અરજી પત્રકમાં ઓછામાં ઓછા ૭ (સાત) દિવસ અને વધુમાં વધુ ૧૪ (ચૌદ) દિવસની છૂટ આપી સીલબંધ કવરમાં તેઓની વાર્ષિક લાયસન્સ ફી ની ઓફર જે–તે ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીએ મંગાવવાની રહેશે. નિયત અરજી પત્રક સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. વાર્ષિક લાયસન્સ ફી ઉપર લાગુ પડતા તમામ ટેક્ષ અરજદારે અલગથી ચુકવવાના રહેશે.

(૪) અરજી સાથે બાનાની રકમની વિગત – અરજી સાથે સુરત મહાનગરપાલિકાના મ્યુ. કમિશનરશ્રીના નામનો રૂા.૧૦,૦૦૦/– નો સુરત શહેરની રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ બિડાણ કરવાનો રહેશે.

(૫) ટ્રાફિક સર્કલ/ આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરનું સુશોભન/નિભાવણી કરવાની ખર્ચ સહિતની તમામ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૬) અરજદારને ફાળવવામાં આવેલ ટ્રાફિક સર્કલ/ આઈલેન્ડ/ ચેનેલાઈઝર, રોડ ડિવાઈડરનું સુશોભન અરજદાર પોતાના ખર્ચે કરશે. ત્યારબાદ તેની નિયમિત નિભાવણીની તમામ પ્રકારની જવાબદારી જેવી કે યુટીલીટી બીલ, સીવીલ વર્ક, મેઈન્ટેનન્સ (ગ્રીલ, કર્બ વિ.), ગાર્ડનીંગ, વાર્ષિક કલરકામ, સાફ સફાઈ, પાણી છાંટવું વિગેરે અરજદારની રહેશે.

(૭) સ્પોન્સરશીપનો સમયગાળો – હયાત ટ્રાફિક સર્કલ/ આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરના નિભાવણીના હકકો ૨ (બે) થી ૫ (પાંચ) વર્ષની મુદત માટે જયારે અરજદાર તરફથી નવા બનાવવામાં આવનાર ટ્રાફિક સર્કલ/ આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરના હકકો ૫ (પાંચ) થી ૧૦ (દસ) વર્ષની મુદત માટે આપવાના રહેશે.

(૮) સબમીશન ઓફ ડીઝાઈન – અરજદારે જે તે રોડ ઈન્ટરસેકશન/જંકશનની જીયોમેટ્રીક ડીઝાઈન ટ્રાન્સપોર્ટેશન/અર્બન પ્લાનીંગના તજજ્ઞ પાસે તૈયાર કરાવી તે મુજબ માન્ય લાયસન્સ આર્કીટેકટ/એન્જીનીયર મારફત ડીઝાઈન મંજુર કરાવી કી–પ્લાન/એલીવેશન/ સેકશનલ પ્લાન તથા ડીઝાઈનના આગામી ૧૦ વર્ષની ટ્રાફિક પેટર્ન ધ્યાને લઈ ૩ડી નકશા ૨ થી ૩ અલગ અલગ વિકલ્પમાં માન્ય આર્કીટેકટ/ એન્જીનીયરના સહી સિક્કા થયેલ ડ્રોઈંગ સાથે અરજી સબમીટ કરવાની રહેશે.

(૯) સુરત મહાનગરપાલિકાએ મંજુર કરેલ બાંધકામની ડીઝાઈન સિવાય અન્ય કોઈપણ ડીઝાઈનનો ઉપયોગ સુશોભન માટે કરવાનો રહેશે નહીં. મંજુર કરવામાં આવેલ ડીઝાઈનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાની જરૂરીયાત જણાય તો તે માટે મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

(૧૦) કમિટિની રચના – એક જ જગ્યા/લોકેશન માટે એક કરતા વધારે અરજીઓ/ઓફરો મળ્યેથી અરજીઓના સીલેકશન માટે મેયરશ્રી, અધ્યક્ષશ્રી (સ્થાયી સમિતિ), મ્યુ. કમિશનરશ્રી, સીટી ઈજનેરશ્રી, સંબંધિત ઝોનના વિભાગીય વડા તથા ટ્રાફિક સેલના વિભાગીય વડાથી બનેલ "ટ્રાફિક આઈલેન્ડ કમિટિ" સમક્ષ અરજદારે પ્રેઝન્ટેશન રજુ કરવાનું રહેશે. જે અરજદારની ડીઝાઈન ફાઈનલ થશે તેવા અરજદારોની જ સીલબંધ ઓફર ખોલવામાં આવશે. સ્થાનિક પરિસ્થિતિ, ટ્રાફીક ભારણ, આર્કિટેકચરલ ડિઝાઈન, હોર્ટીકલ્ચરલ ડિઝાઈન, ડિઝાઈન/ હાઈટ વગેરે જેવા મુદ્દાઓ બાબતે આંશિક ફેરફાર હોય તો તેનું

વિશ્લેષણ કરીને ડિઝાઈન એપ્રુવલ વખતે "ટ્રાફિક આઈલેન્ડ કમિટિ" આંશિક ફેરફારોને ગ્રાહ્ય રાખવા નિર્ણય કરવા અધિકુત રહેશે. પ્રેઝેન્ટેશન મુજબ કામ સોંપણી/ મંજુર કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ અધિકુત રહેશે.

(૧૧) સર્કલ/આઈલેન્ડમાં એરીયાનું વિભાજન – ફુવારા માટે કુલ એરીયાના ૫૦% વિસ્તારમાં હોર્ટીકલ્ચર અને ૫૦% વિસ્તારમાં સિવિલ વર્ક તેમજ અન્ય માટે કુલ એરીયાના ૭૫% વિસ્તારમાં હોર્ટીકલ્ચર અને ૨૫% વિસ્તારમાં સિવિલ વર્ક કરવાનું રહેશે.

(૧૨) સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર વિગેરેના મુખ્ય કોમ્પોનન્ટ પૈકી ગ્રીલ, લખાણ તથા સર્કલ/આઈલેન્ડના કલર બાબતે નિર્ણય લેવા માટે સંબંધિત ઝોન/વિભાગના વડાશ્રી તેમજ સંબધિત કાર્યપાલક ઈજનેરશ્રી સંયુકતપણે અધિકૃત રહેશે.

(૧૩) સીકયોરીટી ડીપોઝીટ – સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર – દર ૨૫ ચો.મી. વિસ્તાર માટે રૂા.૨૫,૦૦૦/–, ૫૦ ચો.મી. વિસ્તાર માટે રૂા.૫૦,૦૦૦/– અને ૫૦ ચો.મી. થી વધુ વિસ્તાર માટે રૂા.૧,૦૦,૦૦૦/– સીકયોરીટી ડીપોઝીટ લેવાની રહેશે. રોડ ડીવાઈડર – દર ૧૦૦ ર.મી. લંબાઈ માટે રૂા.૫,૦૦૦/– અને ૨૦૦ ર.મી. લંબાઈ માટે રૂા.૧૦,૦૦૦/– અને ૫૦૦ ર.મી. લંબાઈ માટે રૂા.૨૫,૦૦૦/– સીકયોરીટી ડીપોઝીટ લેવાની રહેશે.

(૧૪) અરજદાર પોતાની કંપનીના સીમ્બોલ/લોગો સિવાય અન્ય કોઈપણ સીમ્બોલ કે જાહેરાત લગાવી શકશે નહીં તેમજ જાહેરાત માટે સુચવેલ જગ્યાએ મહાનગરપાલિકાની સુચના મુજબ જ લોગો/સીમ્બોલ રાખવાના રહેશે.

(૧૫) કોન્ટ્રાકટ ટર્મીનેશન – ટ્રાફિક સર્કલ/આઈલેન્ડ/ચેનલાઈઝર/રોડ ડીવાઈડરવાળી જગ્યાની સંપુર્ણ માલિકી સુરત મહાનગરપાલિકાની રહેશે. કોઈપણ કારણસર મહાનગરપાલિકાને આ બાંધકામવાળી/ સુશોભનવાળી જગ્યાની જરૂરીયાત જણાય તે સમયે કોઈપણ જાતના કારણ કે નોટીસ આપ્યા વગર તેમજ આ બાંધકામ/સુશોભન/નિભાવણી બાબતે કોઈપણ પ્રકારનું વળતર આપ્યા વગર તે દુર કરી શકશે અને તેમાં અરજદારના કોઈ વંશ, વાલી, વારસો, તેના નોમીની/એસાઈનીની તકરાર ચાલી શકશે નહીં. વધુમાં સદર ટ્રાફિક આઈલેન્ડ/ચેનલાઈઝર/ રોડ ડીવાઈડરમાં ટ્રાફિકને અનુલક્ષીને કોઈપણ ફેરફાર, સુધારો વધારો કરવાની જરૂરીયાત જણાય તો તે અરજદારે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે. ઈજારદાર જો સ્વેચ્છાએ કોન્ટ્રાકટ છોડવા માંગતા હોય તો ૬ (છ) માસ અગાઉથી સુરત મહાનગરપાલિકાને એડવાન્સ નોટીસ/પત્ર લખી જાણ કરવાની રહેશે.

(૧૬) જાહેરાતના હકકો – ટ્રાફિક સર્કલ/ચેનલાઈઝર/રોડ ડીવાઈડરના કુલ ગ્રીલ એરીયાના ૫% વિસ્તારમાં જે તે સંસ્થા ફકત પોતાની જાહેરાત/લોગો સુંદરતા જળવાઈ રહે તે રીતે લગાવી શકશે તેમજ અન્ય ૫% વિસ્તારમાં પર્યાવરણને લગતા સુવાકયો/દ્રશ્યો લગાડવાના રહેશે.

(૧૭) લગાડવામાં આવેલ તમામ લોગો/સીમ્બોલ કે લખાણ પેટે મહાનગરપાલિકા અરજદાર પાસેથી કોઈપણ પ્રકારનો હોર્ડીંગ ચાર્જ કે જાહેરાતના ટેક્ષ લેશે નહીં.

(૧૮) ડીઝાઈનમાં ફેરબદલ કરવા બાબત – મંજુર થયેલ મૂળ ડીઝાઈનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહીં. ડીઝાઈનમાં ફેરબદલ કરવા માટે જરૂરી વિગતો તેમજ ડીઝાઈન રજુ કરી ‘‘ટ્રાફિક આઈલેન્ડ કમિટી’’ સમક્ષ રજુ કરી રીવાઈઝડ મંજુરી મેળવવાની રહેશે.

(૧૯) સ્પોન્સરથી સોંપવામાં આવેલ ટ્રાફિક સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરની કામગીરીનું મુલ્યાંકન જે તે સંસ્થાને સોંપવામાં આવેલ સર્કલ/ આઈલેન્ડ/ ચેનેલાઈઝર/ રોડ ડીવાઈડર વિગેરેનું વિકાસ, નિભાવણી અને સુશોભન કામનું મુલ્યાંકન દર ૦૩ (ત્રણ) માસે ઝોનવાઈઝ જે તે ડીપાર્ટમેન્ટના વિભાગીય વડા, ગાર્ડન/ટ્રાફીક ખાતાના વડા તેમજ ઝોનલ ઓફિસરશ્રી દ્વારા કરવામાં આવશે.

(૨૦) પાણી અને લાઈટની સુવિધા ઈજારદારે પોતાના ખર્ચે કરવાની રહેશે. પાણીના કનેકશન અને લાઈટના કનેકશન મેળવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા જરૂરી એન.ઓ.સી. આપવામાં આવશે.

(૨૧) હાલમાં સ્પોન્સરશીપથી આપવામાં આવેલ સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરનું નવી પોલીસી મુજબ રૂપાંતરણ – હાલમાં સ્પોન્સરશીપ હેઠળથી ફાળવવામાં આવેલ સર્કલોની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ જે તે સર્કલ નવી પોલીસી મુજબ ફાળવવાનાં રહેશે.

(૨૨) પ્રસંગો/તહેવારો દરમ્યાન રોશની/લાઈટીંગ/કલરકામ કરવા બાબત – લાઈટીંગ તથા કલરકામ વર્ષમાં ઓછામાં ઓછું ૧ વખત કરવાનું રહેશે.

(૨૩) સ્પોન્સરશીપથી સોંપવામાં આવેલ સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરના વિકાસ અને નિભાવ માટે થનાર ખર્ચનો સ્કોપ તમામ પ્રકારના ખર્ચાઓ જે તે એજન્સી/સંસ્થાઓએ કરવાના રહેશે. ઉપરાંત ઉપયોગમાં લેવામાં આવનાર વિવિધ સાધનો/ઉપકરણોને કોઈપણ નુકસાન થાય અથવા ચોરાય જાય તે માટે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૨૪) સ્પોન્સરશીપથી ફાળવણી કરવા માટેના અરજી પત્રક મંજુર કરવા તેમજ જરૂરીયાત મુજબ અરજી પત્રકની શરતોમાં ફેરફાર કરવા મ્યુ. કમિશ્નરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવા.

(૨૫) સુરત મહાનગરપાલિકાના જે સર્કલ/આઈલેન્ડ/ચેનલાઈઝર/રોડ ડીવાઈડર વિગેરે લોકભાગીદારી/ સ્પોન્સરશીપ/ એડોપ્શન/ કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સીબ્લીટી (સીએસઆર) થી સોંપાયેલ ન હોય એટલે કે જેની જાળવણી / નિભાવ સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતું હોય તેવા સર્કલ /આઈલેન્ડ /ચેનલાઈઝર /રોડ ડીવાઈડર અંગેની ડીઝાઈન તેમજ અન્ય શરતો સંદર્ભે મ્યુ. કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવા.

(૨૬) કોઈપણ સર્કલ/આઈલેન્ડ/ચેનલાઈઝર/રોડ ડીવાઈડરની ડીઝાઈન ભારતની અખંડીતતા, સાર્વભૌમત્વતા જળવાઈ રહે તે મુજબની રહેશે. ઈજારદાર દ્વારા કાયદા અન્વયે પ્રતિબંધિત, અયોગ્ય, અશ્લીલ તેમજ જાહેર સુરૂચીને ભંગ કરે તેવી કોઈપણ જાહેરાત, પ્રદર્શિત કરી શકશે નહીં અને જો તેમ થયેલ જણાશે તો તેવી જાહેરાતના બોર્ડ/લખાણ/લોગો/સીમ્બોલ મહાનગરપાલિકા સંસ્થા/એજન્સીના ખર્ચે અને જોખમે વગર નોટીસે દુર કરી નાંખશે અને તેમ કરવાનો જે ખર્ચ થશે તે સંસ્થા/એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૨૭) તમાકુ કે તેની કોઈપણ બનાવટ અથવા અન્ય કાયદા અન્વયે પ્રતિબંધિત બાબત જાહેરાત કરી શકશે નહીં.

(૨૮) લોગો/લખાણને લીધે કોઈપણ વ્યકિત અગર સંસ્થાને કોઈપણ પ્રકારનું નુકસાન થશે તેની જવાબદારી સંસ્થા/એજન્સીની રહેશે.

(૨૯) સરકાર દ્વારા ચૂંટણીની જાહેરાત થયેથી તેની આચારસંહિતાનો અમલ થાય તે સમયગાળા દરમ્યાન સંસ્થા/એજન્સી ઉકત ચૂંટણીની આચારસંહિતાનો ભંગ થાય તેવી કોઈપણ જાતના લોગો/લખાણ પ્રસિધ્ધ કરી શકશે નહીં અને જો આ સમયગાળા દરમ્યાન આવી કોઈપણ પ્રકારના લોગો/લખાણ પ્રસિધ્ધ કરવામાં આવ્યાનું જણાશે તો તે અંગેના જે કંઈ પરિણામની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૩૦) વાહન ચાલકોને વાહન ચલાવવામાં તકલીફ ઉભી કરે તેવા પ્રકારના જાહેરાતના બોર્ડ મુકી શકાશે નહીં. આઈલેન્ડમાં દર્શાવવામાં આવેલ લખાણ/લોગો/સીમ્બોલ વિગેરેની સલામતીની તેમજ કોઈ અકસ્માત થાય તો તેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૩૧) ઈજારદારશ્રી તરફે મંજુર થયેલ લાયસન્સ ફી ની રકમ સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડર માટે વાર્ષિક લાયસન્સ ફી તરીકે મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

(૩૨) ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એકટ–૧૯૭૬ હેઠળનો મંજુર પુનરાવર્તિત ડેવલેપમેન્ટ પ્લાન મુજબના/જે તે અમલ ડેવલપમેન્ટ કંન્ટ્રોલ રેગ્યુલેશનમાં નિયમો તથા ધી

બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ની કલમ–૨૪૫ ની જોગવાઈનો તથા સુરત મહાનગરપાલિકા દ્વારા વખતોવખત લાગુ કરવામાં આવે તેવા નિયમો ઈજારદાર/એજન્સીને માન્ય અને બંધનકર્તા રહેશે.

(૩૩) શરતોમાં ફેરફારનો અધિકાર – જે તે સમયે શરતોમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાને રહેશે.

(૩૪) સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૦૧૯/૧૯૯૭, તા.૩૧–૫–૧૯૯૭ તથા ઠરાવ નં.૮૩૦/૨૦૧૫, તા.૪–૪–૨૦૧૫ થી મંજુર થયેલ શરતો/નિયમો તથા સામાન્ય સભા દ્વારા થયેલ જુદા જુદા ઠરાવોથી નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અંગેના તમામ ઠરાવ આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે. તેમજ સામાન્ય સભા ઠરાવ નં.૪૨૪/૨૦૨૧, તા.૨૭/૧૨/૨૦૨૧ તથા ઠરાવ નં.૭૪૬/૨૦૨૩, તા.૨૮/૧૧/૨૦૨૩ થી નકકી થયેથી નિતિનિયમો અને શરતો મુજબ સ્પોન્સરશીપની ફાળવણી કરવામાં આવશે.

(૩૫) પશ્ચિમઝોન(રાંદેર) ના વિવિધ સ્થળોએ આવેલ સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડરની આ સાથે સામેલ સુચી/લિસ્ટ માંથી ઈચ્છીત લોકેશન માટે નિયત અરજી/ઓફર પત્રક ભરી સીલબંધ કવરમાં પશ્ચિમઝોન(રાંદેર), સુરત મહાનગરપાલિકાની કચેરીએ નિયત સમયમર્યાદામાં મોકલવાના રહેશે.

(૩૬) સ્પોન્સરર એકથી વધુ સ્થળોના સર્કલ(આઈલેન્ડ) માટે અરજી કરવા ઈચ્છા ધરાવતા હોય તો દરેક લોકેશન/સર્કલ માટે અલગ–અલગ અરજી/ઓફર પત્રક ભરીને રજુ કરવાના રહેશે.

-SD-
કાર્યપાલક ઈજનેર
પશ્ચિમઝોન(રાંદેર)
સુરત મહાનગરપાલિકા

ઉકત તમામ શરતો મેં વાંચી છે અને મને કબુલ મંજુર છે.

................................................

એજન્સી/સંસ્થાની સહી થતા સિકકો

તારીખઃ–

## પશ્ચિમઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટ્રાફિક સર્કલ/આઈલેન્ડ/ચેનેલાઈઝર/રોડ ડીવાઈડર

| અ. નં. | ટ્રાફિક સર્કલ/આઈલેન્ડનું લોકેશન | ટ્રાફિક સર્કલ/આઈલેન્ડનું નામ |
|---|---|---|
| | **હયાત ટ્રાફિક સર્કલ** | |
| ૧ | ટી.પી.૨૯(રાંદેર),ગુજરાત હાઉસીંગ બોર્ડ (પાલનપુર પાટીયા) પાસેનું સર્કલ – મશાલ સર્કલ | |
| ૨ | ટી.પી.૧૩(અડાજણ) માં ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ, વિધી રો હાઉસ સામેનું સર્કલ – તોપ સર્કલ | |
| ૩ | ટી.પી.૧૧(અડાજણ)માં આવેલ ધનમોરા કોમ્પલેક્ષ પાસેના ચાર રસ્તા પાસેનું સર્કલ – ધનમોરા સર્કલ | |
| ૪ | ટી.પી.૧૧(અડાજણ)માં વેસ્ટ(રાંદેર)ઝોન ઓફિસ પાસે સામેના ચાર રસ્તાવાળું સર્કલ | |
| ૫ | ટી.પી.૧૨(અડાજણ)માં આવેલ સરદાર બ્રીજ નીચે, ગુજરાત ગેસ સર્કલ –ગુજરાત ગેસ સર્કલ | |
| ૬ | ટી.પી.૧૩(અડાજણ) વિસ્તારમાં આનંદ મહલ રોડ, સહજ આઈકોન જંકશન પાસે આવેલ સર્કલ –ત્રણ વાંદરા સર્કલ | |
| ૭ | ટી.પી.૧૩(અડાજણ) વિસ્તારમાં હની પાર્ક રોડ, સુરભી ડેરી પાસે આવેલ સર્કલ | |
| ૮ | ટી.પી ૪૨( જહાંગીરપુરા),રાજ વિહાર રો હાઉસ પાસેના જંકશનનું સર્કલ –અબક સર્કલ | |
| ૯ | ટી.પી ૧૪(પાલ),એફ.પી.૬૪ પાસે ગ્રીન સીટી રોડ ,વેસ્ટન બીઝનસ હબ પાસેના જંકશનનું સર્કલ – પ્રથમ સર્કલ | |
| ૧૦ | ટી.પી ૧૪(પાલ),ગેલેકક્ષી બિલ્ડીંગ પાસેના ચાર રસ્તા ના જંકશનનું સર્કલ– ગેલેકક્ષી સર્કલ | |
| ૧૧ | ટી.પી ૧૧(અડાજણ) શીતલ ચાર રસ્તા પાસેના ચાર રસ્તા ના જંકશનનું સર્કલ | |
| ૧૨ | ટી.પી ૩૦ (રાંદેર)માં જહાંગીરપુરા–ડભોલી બ્રીજ નીચે ટ્રાફિક પોલીસ ચોકી ની સામેના ચાર રસ્તાવાળું સર્કલ | |
| ૧૩ | ટી.પી.૩૨(અડાજણ) માં આવેલ રંગીલાપાર્ક સોસાયટીની સામે વન ભવન સર્કલ. | |
| ૧૪ | ટી.પી ૩૦ (રાંદેર)માં જહાંગીરપુરા–ડભોલી બ્રીજ નીચે ટ્રાઈ એન્ગલ સામેના સર્કલ | |
| | **નવા ટ્રાફિક સર્કલ** | |
| ૧૫ | ટી.પી ૩૦(રાંદેર)માં હનુમાન ટેકરી બસ સ્ટોપ, ટીમલા સ્ટ્રીટ પાસેનું સર્કલ | |
| ૧૬ | ટી.પી.૪૪(જહાંગીરાબાદ)માં આવેલ ઉગત કેનાલ રોડ પર રામા રેસીડેન્સી કો.ઓ.હા.સો. ટાઈમ ગેલેકસી પાસેનું સર્કલ | |
| ૧૭ | ડ્રાફ્ટ ટી.પી.૩૯(વરીયાવ)માં આઉટર રીંગ રોડ,વૈદિક, વરીયાવ વોટર વર્કસની આગળ, વરીયાવ ચેક પોસ્ટ પાસેનું સર્કલ | |
| ૧૮ | ટી.પી.૧૩(અડાજણ)માં ગંગેશ્વર મંદિર રોડ રૂતવન એપાર્ટમેન્ટ,માં ફર્નિચરની સામેનું સર્કલ | |
| ૧૯ | ટી.પી.૧૪(પાલ) વિસ્તારમાં આવેલ કેલી રેસીડેન્સી,લા પેન્ટોલા પાસેનું જંકશન | |

| અ. નં. | ટ્રાફિક સર્કલ/આઈલેન્ડનું લોકેશન | |
|---|---|---|
| ૨૦ | ટી.પી.૧૪(પાલ) વિસ્તારમાં આવેલ સ્વસ્તીક પાર્ટી પ્લોટ,કૃપા હોસ્પિટલ પાસેનું જંકશન | |
| ૨૧ | ટી.પી.૧૨(અડાજણ) માં આવેલ સાંઈ નગર સોસાયટી,શ્રી રાજ કોમ્પલેક્ષ પાસેનું સર્કલ | |
| ૨૨ | ડ્રાફ્ટ ટી.પી.૭૪(પાલ) હજીરા રોડ પર, સંગીની એસ્પાયર પાસે આવેલ જંકશનનું સર્કલ | |
| ૨૩ | ટી.પી ૩૦(રાંદેર– અડાજણ)માં જહાંગીરપુરા પોલીસ સ્ટેશન ની સામે જંકશનનું સર્કલ | |
| ૨૪ | ટી.પી ૦૮(પાલનપુર),એફ.પી.૭૨ પાસે ગૌરવ પથ રોડ,સૂર્યમ્ સ્કવેર પાસે જંકશનનું સર્કલ | |
| ૨૫ | ટી.પી ૦૮(પાલનપુર),એફ.પી.૭૦ પાસે ડિવાઈન ડીઝાયર રોડ,એલ.પી સવાણી ચોક પાસેના જંકશનનું સર્કલ , | |
| ૨૬ | ટી.પી ૦૯(પાલનપુર–ભેંસાણ),એફ.પી.૫૦ પાસે ગૌરવ પથ રોડ,ક્રોમા સેન્ટર પાસે જંકશનનું સર્કલ , | |
| ૨૭ | ટી.પી ૩૭(વરીયાવ),એફ.પી.૧૪ પાસે હજીરા–સાયણ રોડ,નીલકંઠ ચોક ,સતાબ્દી હેરીટેજ પાસેના ચાર રસ્તા ના જંકશનનું સર્કલ | |
| ૨૮ | ટી.પી ૦૯(પાલનપુર–ભેંસાણ),એફ.પી.૪૫ પાસે ગૌરવ પથ રોડ,સ્વર્ણીમ સ્ટેલર પાસેના જંકશનનું સર્કલ | |
| **રોડ ડીવાઈડર** | | |
| ૨૯ | ટી.પી ૧૪(પાલ)માં પીરામીડ સર્કલથી રીલાયન્સ સ્માર્ટ બઝાર તરફ, પાલ– ઉમરા બ્રિજ તરફ જતો રોડ ડિવાઈડર | |
| **ચેનેલાઈઝર/આઈલેન્ડ** | | |
| ૩૦ | ટી.પી ૧૪(રાંદેર– અડાજણ)માં વેસ્ટ(રાંદેર)ઝોન ઓફિસ પાસે સામેના ત્રણ રસ્તા પાસેનું આઈલેન્ડ – લવ એન્ડ કેર હોસ્પિટલ | |
| ૩૧ | ટી.પી ૩૦(રાંદેર–અડાજણ)માં જહાંગીરપુરા પોલીસ સ્ટેશન ની સામેના જંકશનના સર્કલ પાસેનું ચેનેલાઈઝર | |
| ૩૨ | ટી.પી ૩૦ (રાંદેર)માં જહાંગીરપુરા–ડભોલી બ્રીજ નીચે ટ્રાફિક પોલીસ ચોકી ની સામેના ચાર રસ્તાવાળું સર્કલ પાસેનું ચેનેલાઈઝર | |

-SD-
કાર્યપાલક ઈજનેર
પશ્ચિમઝોન(રાંદેર)
સુરત મહાનગરપાલિકા